www.kamalamgujarat.com

Friday
20.11.2020

✱Volume :5 ✱ Issue No. 96

Email.: kamalamgujarat@gmail.com

✱Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✱Managing Editor: Arjun Sondarva ✱Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

### પ્રધાનમંત્રીએ બેંગલુરુ ટેક સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું

# માહિતીના યુગમાં, કોણ પહેલાં આગળ વધે છે એ મહત્વનું નથી પરંતુ કોણ શ્રેષ્ઠ રીતે આગળ વધે છે એ મહત્વનું છેઃ પ્રધાનમંત્રી


## અત્યારે ભારતમાં નિર્માણ પામેલા પરંતુ દુનિયા માટે તૈનાત કરેલા ટેક ઉકેલો તૈયાર કરવાનો સમય છેઃ પ્રધાનમંત્રી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી બેંગલુરુમાં ટેક બેઠકનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ બેઠકનું આયોજન કર્ણાટક આવિષ્કાર અને ટેકનોલોજી સોસાયટી (KITS), કર્ણાટક સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી માટે દૂરંદેશી સમૂહ, બાયો ટેકનોલોજી અને સ્ટાર્ટઅપ, ભારતમાં સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ (STPI) અને MM એક્ટિવ સાયન્સ ટેક કમ્યુનિકેશનના સહયોગથી કર્ણાટક સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ વર્ષની બેઠકની થીમ 'નેક્સ્ટ ઈઝ નાઉ' એટલે 'આવનારી પરિસ્થિતિ અત્યારે' રાખવામાં આવી છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને IT, કમ્યુનિકેશન તેમજ કાયદા અને ન્યાય મંત્રી શ્રી રવિશંકર પ્રસાદ અને કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બી.એસ. યેદીયુરપ્પા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા. પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી હતી કે, આજે ડિજિટલ ઈન્ડિયાને માત્ર સરકારની કોઈ નિયમિત પહેલ તરીકે જોવામાં નથી આવતી પરંતુ આજે તે લોકોના જીવનની રીતભાત બની ગઈ છે જેમાં ખાસ કરીને ગરીબો, વંચિતો અને સરકારમાં રહેલા લોકો માટે તે જીવન જીવવાની શૈલી બની ગઈ છે. આ ટેક બેઠકમાં સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયાના કારણે આપણો દેશ વિકાસ માટે વધુ માનવ કેન્દ્રી અભિગમનો સાક્ષી બન્યો છે. તેમણે કહ્યું હતું કે આટલા મોટાપાયે ટેકનોલોજીનો ઉપયોગ થવાને કારણે નાગરિકો માટે ઘણા પરિવર્તનો લાવવાનું શક્ય બન્યું છે અને તેનાથી માત્ર ડિજિટલ અને ટેક ઉકેલો માટે બજાર જ ઉભું થયું છે એવું નથી પરંતુ, તેને તમામ યોજનાઓનો મુખ્ય હિસ્સો બનાવવાનું પણ શક્ય બન્યું છે. તેમણે ઉમેર્યું હતું કે તેમનું સુશાસન મોડેલ 'સૌથી પહેલા ટેકનોલોજી' છે અને ટેકનોલોજી દ્વારા માણસના ગૌરવમાં વધારો થયો છે જેમકે કરોડો ખેડૂતોને માત્ર એક ક્લિક પર નાણાકીય સહકાર મળે છે અને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના આયુષમાન ભારતનું સફળતાપૂર્વક પરિચાલન શક્ય બન્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે ટેકનોલોજીએ લોકડાઉન તેના પૂર્ણ સ્તરે લાગું કરવામાં આવ્યું હતું તેવા સંજોગોમાં પણ ભારતના ગરીબ લોકોને યોગ્ય અને ઝડપી સહાય મળે તેવું સુનિશ્ચિત કર્યું છે. તેમણે કહ્યું હતું કે સામાન્ય રીતે આટલી રાહત બહુ ઓછા લોકો આપી શકે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે સેવાઓની વધુ સારી ડિલિવરી અને કાર્યદક્ષતા માટે ડેટા એનાલિટિક્સની તાકાતનો ઉપયોગ કર્યો છે. તેમણે ટાંક્યું હતું કે અમારી યોજનાઓ ફાઈલોના ઢગલાઓમાંથી આગળ વધીને અમલમાં આવી અને આટલી ઝડપથી તેમજ આટલા મોટાપાયે લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકી તેની પાછળ ટેકનોલોજી એક મુખ્ય કારણ છે. તેમણે જણાવ્યું હતું કે, ટેકનોલોજીના કારણે અમે તમામ લોકોને વીજ પૂરવઠો પૂરો પાડી શક્યા છીએ, ટોલ બૂથ પરથી ઝડપથી પસાર થવાનું શક્ય બનાવી શક્યા છીએ, તે અમને ખૂબ જ ટૂંકા સમયમાં વિશાળ જનસમુદાયનું રસીકરણ કરવાનો આત્મવિશ્વાસ આપે છે. આ મહામારીના સમયમાં ટેકનોલોજીએ જે પ્રકારે સ્થિતિસ્થાપકતા દર્શાવી તેની પ્રધાનમંત્રીએ પ્રશંસા કરી હતી. તેમણે એ બાબતે પ્રકાશ પાડ્યો હતો કે છેલ્લા એક દાયકામાં જેટલા પ્રમાણમાં ટેકનોલોજીને અપનાવવામાં આવી નોહતી તેના કરતાં વધારે પ્રમાણમાં માત્ર થોડા મહિનાઓમાં જ તે અપનાવવામાં આવી છે. વર્ક ફોર્મ એનીવેર એટલે કે ગમે ત્યાંથી કામ કરવાની પ્રણાલી હવે સામાન્ય બની ગઈ છે અને હવે તે ટકી રહેશે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ, આરોગ્ય અને શોપિંગ વગેરે ક્ષેત્રોમાં આવનારા સમયમાં ટેકનોલોજીને ખૂબ જ મોટાપાયે અપનાવાઈ હોવાનું જોવા મળશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક યુગમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ હવે ભૂતકાળ બની ગઈ છે અને હવે આપણે માહિતીના યુગની મધ્યે છીએ. તેમણે જણાવ્યું હતું કે, ઔદ્યોગિક યુગમાં પરિવર્તન સુરેખ હતું પરંતુ માહિતીના યુગમાં પરિવર્તન વિક્ષેપક છે. તેમણે એ બાબતે ભાર મૂક્યો હતો કે, ઔદ્યોગિક યુગથી વિપરિત, માહિતીના યુગમાં, કોણ પહેલાં આગળ વધે છે એ મહત્વનું નથી પરંતુ કોણ શ્રેષ્ઠ રીતે આગળ વધે છે એ મહત્વનું છે. તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિ કોઈપણ સમયે એવા ઉત્પાદનોનું નિર્માણ કરી શકે છે જે બજારમાં હાલમાં અસ્તિત્વમાં રહેલાં તમામ સમીકરણો વેરવિખેર કરી શકે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે માહિતીના યુગમાં ભારત આગેકૂચ કરવા માટે અનન્ય સ્થિતિમાં છે. તેમણે કહ્યું હતું કે ભારત પાસે શ્રેષ્ઠ બૌદ્ધિકો છે અને સાથે સાથે સૌથી મોટું બજાર પણ ઉપલબ્ધ છે. તેમણે ટાંક્યું હતું કે આપણા સ્થાનિક ટેક ઉકેલોમાં વૈશ્વિક સ્તરે આગળ વધવાનું સામર્થ્ય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અત્યારે, ભારત માટે ડિઝાઈન કરેલા પરંતુ દુનિયા માટે તૈનાત કરેલા ટેક ઉકેલો તૈયાર કરવાનો સમય છે. તેમણે કહ્યું હતું કે, સરકારના નીતિગત નિર્ણયો હંમેશા ટેકનોલોજી અને આવિષ્કાર ઉદ્યોગ પ્રત્યે ઉદારીકરણ દાખવનારા હોય છે જેમ કે, તાજેતરમાં જ IT ઉદ્યોગ પર કાયદાકીય અનુપાલનના ભારણને હળવું કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, સરકાર હંમેશા ટેક ઉદ્યોગમાં સંકળાયેલા હિતધારકો સાથે જોડાયેલા રહેવા માટે અને ભારત માટે ભવિષ્ય-લક્ષી નીતિગત માળખું તૈયાર કરવા માટે પ્રયત્નશીલ છે. પ્રધાનમંત્રીએ એ બાબત પર ભાર મૂક્યો હતો કે માળખાકીય સ્તરની માનસિકતા બહુવિધ સફળ ઉત્પાદનોની ઈકો-સિસ્ટમનું નિર્માણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. તેમણે માળખાકીય સ્તરની માનસિકતા ધરાવતી વિવિધ પહેલ જેમ કે, UPI, રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન, સ્વામિત્વ યોજના વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ટેકનોલોજી સંરક્ષણ ક્ષેત્રના વિકાસ માટે ગતિ નક્કી કરી રહી છે. તેમણે ટેકનોલોજીના વધુને વધુ ઉપયોગ દ્વારા ડેટા સુરક્ષા અને સાઈબર સુરક્ષાની જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે સૂચન કર્યું હતું કે ડિજિટલ ઉત્પાદનોને સાઈબર હુમલા અને વાઈરસ સામે રક્ષણ આપવા માટે કાર્યદક્ષ રીતે નિવારાત્મક પગલાં લેવાના દિશામાં યુવાનો મજબૂત સાઈબર સુરક્ષા ઉકેલો તૈયાર કરવામાં ખૂબ જ મોટી ભૂમિકા નિભાવી શકે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રો જેમ કે જૈવ-વિજ્ઞાન, એન્જિનિયરિંગ વગેરેમાં આવિષ્કાર માટેના અવકાશ અને જરૂરિયાત વર્તમાન સમયમાં સાંદર્ભિક છે. તેમણે કહ્યું હતું કે આવિષ્કાર એ પ્રગતિની ચાવી છે અને જ્યારે આવિષ્કારની વાત આવે ત્યારે આપણાં યુવાનોના કૌશલ્ય અને આવિષ્કાર કરવા માટે તેમનામાં રહેલા ઉત્સાહના કારણે, ભારત પાસે તેનો સ્પષ્ટ લાભ છે. તેમણે ઉમેર્યું હતું કે આપણા યુવાનોનું સામર્થ્ય અને ટેકનોલોજીની સંભાવનાઓ અનંત છે. આ સમયે, આપણે આપણાં તરફથી શ્રેષ્ઠ પ્રદાન કરવું જોઈએ અને તેનો મહત્તમ લાભ ઉઠાવવો જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આપણું IT ક્ષેત્ર આપણાં માટે ગૌરવપૂર્ણ શિખરો સર કરતું રહેશે.

# પ્રધાનમંત્રીએ રાણી લક્ષ્મીબાઈને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રાણી લક્ષ્મીબાઈને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું, "આઝાદીની પહેલી લડાઈમાં અનોખું પરાક્રમ પ્રદર્શિત કરનાર વીરાંગના રાણી લક્ષ્મીબાઈને તેમની જન્મજયંતિ નિમિતે કોટિ-કોટિ નમન. તેમની શૌર્યગાથા હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે."

# પ્રધાનમંત્રીએ પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી





કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. એક ટ્વિટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, 'પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને તેમની જન્મજયંતિ નિમિત્તે નમસ્કાર. પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઈન્દિરા ગાંધીને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ. "

# વિશ્વ શૌચાલય દિવસ પર ભારત સૌ માટે શૌચાલયના સંકલ્પને મજબૂત કરે છેઃ પ્રધાનમંત્રી

### આરોગ્યપ્રદ શૌચાલયોએ ખાસ કરીને આપણી નારી શક્તિને ગૌરવ સાથે વિપુલ પ્રમાણમાં આરોગ્ય લાભ આપ્યો છેઃ પ્રધાનમંત્રી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આજે વિશ્વ શૌચાલય દિવસે રાષ્ટ્ર સૌ માટે શૌચાલયના સંકલ્પને મજબૂત કરે છે. એક ટ્વિટમાં શ્રી મોદીએ કહ્યું હતું કે "વર્લ્ડ ટોઈલેટ ડે પર ભારત #Toilet4All ના સંકલ્પને મજબૂત કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો ભારતીયોને આરોગ્યપ્રદ શૌચાલય આપવાની અપ્રતિમ સિદ્ધિ જોવા મળી છે. જેણે ખાસ કરીને આપણી નારી શક્તિને ગૌરવની સાથે વિપુલ પ્રમાણમાં સ્વાસ્થ્ય લાભો પણ આપ્યા છે."

# કેન્દ્રએ હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મણીપુરમાં ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય ટીમો મોકલી

## કેન્દ્રીય ટીમો ચુસ્ત કન્ટેઈનમેન્ટ, સર્વેલન્સ, પરીક્ષણ, સંક્રમણ નિવારણ અને કાર્યદક્ષ તબીબી વ્યવસ્થાપનમાં મદદ કરશે

| | Total Cases | % Share | Active Cases | % Share | Recovered Cases | % Share | Recovery Rate | Total Deaths | % Share | CFR | CPM | DPM | TPM | Positivity Rate |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| India | 89,58,483 | | 4,43,303 | | 83,83,602 | | 93.58% | 1,31,578 | | 1.47% | 6,492 | 95 | 93121 | 6.97% |
| Haryana | 2,07,039 | 2.31% | 19,543 | 4.41% | 1,85,403 | 2.21% | 89.55% | 2,093 | 1.59% | 1.01% | 7,341 | 74 | 1,07,862 | 6.81% |
| Rajasthan | 2,32,358 | 2.59% | 19,478 | 4.39% | 2,10,779 | 2.51% | 90.71% | 2,101 | 1.60% | 0.90% | 2,867 | 26 | 45,828 | 6.26% |
| Manipur | 22318 | 0.25% | 2828 | 0.64% | 19,259 | 0.23% | 86.29% | 231 | 0.18% | 1.04% | 7,219 | 75 | 113461 | 6.36% |
| Gujarat | 1,91,642 | 2.14% | 12,457 | 2.81% | 1,75,362 | 2.09% | 91.50% | 3,823 | 2.91% | 1.99% | 3,000 | 60 | 96958 | 3.09% |




કમલમ દૈનિક,

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મણીપુરમાં ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય ટીમો મોકલવામાં આવી છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દિલ્હીમાં દૈનિક ધોરણે નવા કેસ અને મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાથી NCR પ્રદેશમાં હરિયાણા અને રાજસ્થાનમાં સંક્રમણની અસરોનું અવલોકન કરવામાં આવી રહ્યું છે કારણ કે અહીં કોવિડના પોઝિટીવ દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. નવી દિલ્હી સ્થિત એઈમ્સના નિદેશક ડૉ. રણદીપ ગુલેરિયા હરિયાણામાં મોકલવામાં આવેલી ત્રણ સભ્યોની કેન્દ્રીય ટીમનું નેતૃત્વ સંભાળી રહ્યાં છે અને નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડૉ. વી.કે. પૌલ રાજસ્થાનની ટીમનું જ્યારે દ્રઝ્રઢઝ્રના નિદેશક ડૉ. એસ.કે.સિંહ ગુજરાતમાં મોકલવામાં આવેલી ટીમનું અને DHGSના અધિક DDG ડૉ. એલ. સ્વસ્તીચરણ મણીપુર મોકલવામાં આવેલી ટીમનું નેતૃત્ત્વ સંભાળી રહ્યાં છે. આ ટીમો મોટી સંખ્યામાં કોવિડના કેસ ધરાવતા જિલ્લાઓની મુલાકાત લેશે અને ચુસ્ત કન્ટેઈન્મેન્ટ, સર્વેલન્સ, પરીક્ષણ, સંક્રમણ નિવારણ માટે તેમજ પોઝિટીવ કેસના કાર્યદક્ષ તબીબી વ્યવસ્થાપન માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયાસોને વધુ મજબૂત બનાવવા માટે સહાયતા કરશે. કેન્દ્રીય ટીમો સમયસર નિદાન અને ફોલોઅપ સંબંધિત પડકારોનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરવા માટે પણ માર્ગદર્શન આપશે. વૈશ્વિક મહામારી સામેની લડાઈમાં કેન્દ્ર સરકાર 'સંપૂર્ણ સરકાર' અને 'સંપૂર્ણ સમાજ'ના અભિગમ સાથે 'સહકારી સંઘવાદ'ના છત્રની વ્યૂહનીતિ અંતર્ગત મોરચો સંભાળી રહી છે.

વિવિધ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો દ્વારા કોવિડના વ્યવસ્થાપન માટે હાલમાં ચાલી રહેલા પ્રયાસો વધુ મજબૂત કરવા માટે, કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે વિવિધ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની મુલાકાત માટે કેન્દ્રીય ટીમો નિયુક્ત કરવામાં આવે છે. આ ટીમો જે-તે રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોના સત્તાધિકારીઓ સાથે પરામર્શ કરે છે અને તેઓ જે પડકારો તેમજ સમસ્યાઓનો સામનો કરી રહ્યાં હોય તેને સમજીને તેમની વર્તમાન ચાલી રહેલી પ્રવૃત્તિઓને વધુ મજબૂત કરવા માટે તેમજ જો કોઈ ઉણપો કે અવરોધો હોય તો તેને દૂર કરવા માટે માર્ગદર્શન આપે છે.

## તંત્રી સ્થાનેથી......

જિલ્લા- કલેકટર શ્રી આર. બી. બારડે કોરોનાનાકપરાસમયમાંમહીસાગરવાસીઓને ‘‘ભયહ્રહ્ર થીનહીંપરંતુ‘‘ભાવહ્રહ્ર થીજીવનજીવવાની તેમજ સાવધાની અને સાવચેતી રાખવા અંગેની હાર્દિક અપીલ કરતાં કહેછેકે, વર્તમાનકોવીડ-૧૯નાકહેરથીવિશ્વઆખુસંક્રમિતછે.આમહામારી-આરોગજેટલાનેમારેછે, તેનાકરતાંપણવધુલોકોનેઆરોગનોભયસતાવેછે, અને તેભયજવધુમારેછે. જિલ્લાત કલેકટર શ્રી આર. બી. બારડની મહીસાગરવાસીઓને હાર્દિકઅપીલછેકે, આપણે‘‘ભાવહ્રહ્ર થીજીવીએ‘‘ભય થીનહી. ભયભયાવહછે. કોઈપણકાર્યમાંભય હશેતોસમજવુંકેઆપણે તેનો સામનો કરવાની હિંમત ગુમાવી ચૂકયા છે.ચાણકયએનીતિશાસ્ત્રમાંકહયુંછે,‘‘જાગૃતમાણસનેકોઈભયનથીરહેતો, ધર્મશાસ્ત્ર,સૂત્રો,ગ્રંથોઆપણનેસમજાવેછેકે,આપણેઆરોગનોપ્રતિકાર કરવામાટેનિર્ભયતાથીજીવવાનુંછે. કોરોનાઆવ્યોછેઅનેચાલ્યોપણજશે. એએનોક્રમહશે.પણઆસમયમાંઆપણેઆપણીશાંતિ, વિચારોનીધૈર્યતાકયારેયખોવીનજોઈએ. વેકસીનશોધવાઅને સમાજ સુધીતેનેપહોંચાડવાસરકારખૂબ જ પ્રયાસોકરી રહીછે. વિશ્વઆખું, વિજ્ઞાનસંસ્થાઓઆનીપાછળકાર્યરતછે. પરંતુ આજના સમયમાંસૌથી મોટીવેકસીનહોય તો તે છે ભયમુક્તરહેવાની સાથે સાવધાની અને સાવચેતીરાખવી.આસમયનોતકાજોછે. સુખનોસૂરજજોકાયમન રહેતોહોયતોદુ:ખનોસમયપણકાયમનથીજરહેતો. આજેજેબિમારીછે, તેકાયમનથીજરહેવાની. એનોસમયથશેએટલેએપણચાલીજજશે. આપણેઆજનો આ સમય અને જીવનને સંયમ - ધૈર્યથીવ્યતિતકરીએ. આપણેનિર્ભયથશુંતોઆપણોસમાજ,આપણુંકુટુંબ, આપણીઆજુબાજુનોસમાજપણનિર્ભયબનશે.મહીસાગરવાસીઓને જયાં સુધી વેકસીન નહીં ત્યાી સુધી કોઈપણ પ્રકારની ઢીલાશ નહીં. અનિવાર્ય સંજોગો સિવાય બહાર બજારમાં ફરવા ન નીકળવા, ટોળે ન વળવા, ભીડભાડવાળી જગ્યાસએ ન જવા, લારી-ગલ્લાં પર ગપ્પાં મારવા ભેગા ન થવા અને જો કામસર બહાર જવાનું થાય તો સોશિયલ ડિસ્ટનન્સીંગનું પાલન કરવા, માસ્ક્ પહેરીને જ બહાર નીકળવા તેમજ વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઇઝરનો ઉપયોગ કરવા અને સરકારની ગાઈડલાઈનનું પાલન કરવા શ્રી બારડે પુનઃ અપીલ કરી છે. આજના આ કપરાસમયમાં આપણું આત્મબળ અનેઆપણું મનોબળએસૌથીમોટામાંમોટીદવાછે, સૌથીમોટામાંમોટુંવેક્સીનછે. આપણેસૌજોમકકમતાથી તેનો સામનો કરી સરકારી ગાઈડલાઈનનું પાલન કરીશું તો ચોકકસ આપણે ગલી-મહોલ્લો-ફળિયા-ગામ-શહેર-તાલુકા-જિલ્લુ-રાજયમાં કોરોનાના સંક્રમણને વધતો અટકાવી કોરોનોને હરાવવામાં મહત્વઆનો ભાગ ભજવી રાષ્ટ્ર –રાજયને કોરોનામુકત બનાવીએ.

## પુત્રની સામુહિક આત્મહત્યા બાદ નિરાધાર પિતાની ટેકણ લાકડી બનતી રાજ્ય સરકાર

# દાહોદમાં થોડા સમય પૂર્વે પત્નિપુત્રીઓ સાથે આત્મહત્યા કરનાર પુત્રના પિતાને એનએફએસ કાર્ડ, હેલ્થ કાર્ડના લાભ અપાયા

### કમનસીબ પિતાને તેના પુત્ર બની પડખે ઉભું રહેતું દાહોદ જિલ્લા વહીવટી તંત્ર, શબ્બીરભાઇને આંખનું ઓપરેશન વિનામૂલ્યે કરાયું



કમલમ દૈનિક,

દાહોદના ગઢી કિલ્લામાં આવેલી મામલતદાર કચેરીની પુરવઠા શાખામાં ઉઘડતી ઓફિસે એક મહિલા આવી ચઢ્યા. ત્યાં હાજર નાયબ મામલતદાર શ્રી હાર્દિક જોશી પાસે જઇને કહ્યું. ‘સાહેબ, આ રાશન કાર્ડમાંથી પાંચ નામ કમી કરવાના છેહ્ર એટલું કહેતા જ આગંતુક મહિલાના ગળે ડુમો ભરાઇ ગયો અને રડી પડ્યા ! ઓફિસમાં હાજર લોકોને એવું લાગ્યું કે, કોઇ ગૃહકલેશના કારણે રાશન કાર્ડ અલગ કરવાના હશે. પણ, એની પાછળની વાત બહુ જ કરુણ હતી. સકીનાબેન રાણાપુરવાલા નામની આ મહિલાને ઉપસ્થિત સ્ટાફે પાણી પીવડાવી સાંત્વના આપી. તેણીએ માંડીને વાત કરી. દાહોદમાં ગોધરા રોડ ઉપર સુજાઇ બાગ સ્થિત બતુલ એપાર્ટમેન્ટમાં રહેતા તેમના ભાઇ સૈફી દૂધિયાવાલા, ભાભી મેજબીન અને ત્રણ બાળકો સાથે થોડા સમય પહેલા સામુહિક આત્મહત્યા કરી લીધી. આ ઘટનાએ સમગ્ર દાહોદ પંથકને હચમચાવી દીધું હતું. આ કરુણાંતિકા બાદ સકીનાબેનના માતાપિતા નિરાધાર થઇ ગયા. તેમની સ્થિત વર્ણવી તો કેટલાક કર્મચારીઓના આંખમાં આંસુ આવી ગયા. નાયબ મામલતદાર શ્રી જોશીએ સરકારી તંત્ર તરફથી આપવામાં આવતી સહાય મેળવવા મદદ કરવાની ધરપત આપી અને સકીનાબેનને તેમનું કામ પતાવી ઘરે રવાના કર્યા. રાજ્ય સરકારના વડા એવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીસમગ્રતંત્રનુંસંવેદનશીલતાથી સંચાલન કરતા હોવાથી તેનો પડઘો અહીં સારી રીતે ઝીલાયો. સકીનાબેનના પિતા શબ્બીરભાઇ દૂધિયાવાલાના ઘરે સૌ પ્રથમ ત્રણ માસ સુધી ચાલે એટલું રાશન મોકલી આપવામાં આવ્યું. આ પુણ્યનું કામ મામલતદાર કચેરીની પુરવઠા શાખાએ કર્યું અને એ પણ પોતાની રીતે ! હવે, પહેલું કામ શબ્બીરભાઇને પુરવઠાનું રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષાનું રાશન કાર્ડ આપવાનું કરાયું. આ કાર્ડ મળવાથી રાજ્ય સરકાર દ્વારા મળવાપાત્ર અનાજ તેમને મળવા લાગશે. બીજું કામ, શબ્બીરભાઇને યોગ્ય સ્થળે આશરો આપવાનું કરવામાં આવ્યું. વહોરા સમાજના આમીલજીએ તેમનો સંપર્ક કરી વિનામૂલ્યે રહેઠાણ માટે આવાસની વ્યવસ્થા કરી આપી. નિરાધાર પરિવારના પુનઃસ્થાપન માટે દાહોદના વહોરા સમાજની આ પ્રેરણાદાયી પહેલ હતી. શબ્બીરભાઇને મધુપ્રમેહની બિમારી. એ બાબતને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા તેમને તત્કાલ મુખ્યમંત્રી અમૃતમ્ કાર્ડ અને આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવ્યું. આ સમયગાળામાં થયું એવું કે, શબ્બીરભાઇને આંખોમાં દેખાવાની તકલીફ થઇ. દવાખાને દેખાડવામાં આવ્યું તો ખબર પડી કે તેમની આંખોમાં રેટીનાને લગતી તકલીફ છે. આંખોમાં રેટીનાને લગતી બિમારી જટીલ હોય છે. આવા સંજોગોમાં મુખ્યમંત્રી અમૃતમ્કાર્ડતેમનામાટેવૃદ્ધાવસ્થાની ટેકણ લાકડી બની સાથે આવ્યું. દાહોદની હોસ્પિટલ દ્રષ્ટિ નેત્રાલયમાં શબ્બીરભાઇને રેટીનાને લગતા ઓપરેશન કરવા માટે દાખલ કરવામાં આવ્યા. સામાન્ય રીતે જે ઓપરેશનનો ખર્ચ દોઢેક લાખ રૂપિયા થાય, એ તમામ ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો. તેમનું ઓપરેશન ડો. મેહુલ શાહે સુપેરે પાર પાડ્યું. આ પરિવાર ગળાગળા સ્વરે કહે છે, અમારા કપરા સંજોગોમાં અમારી સાથે ઉભા રહેનારી રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો ખૂબખૂબ આભાર. મામલતદાર કચેરીના કર્મયોગીઓ તેમની ખબર અંતરની પૃચ્છા કરવા માટે હોસ્પિટલ ઉપર ગયા ત્યારે બહુ જ ભાવુક દ્રષ્યો સર્જાયા. સકીનાબેન અને શબ્બીરભાઇની આંખમાંથી આંસુને બદલે તેમને મદદ કરનારા તમામ માટે દૂઆ વરસી રહી હોય એવું લાગ્યા વીના રહે નહી. અને આમેય, સરકારનું કામ ભગવાનનું કામ છે.

# દુકાનની બહાર માસ્ક- નહીં - વેપાર નહીં નું બોર્ડ લગાવવા જિલ્લા કલેક્ટર શ્રી આર. બી. બારડની અપીલ

## ખાનપુર તાલુકાની મોટી ગ્રામ પંચાયતો સાથે યોજાયેલ બેઠક

કમલમ દૈનિક, લુણાવાડા

જિલ્લાડ કલેકટર શ્રી આર. બી. બારડે તહેવારોમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યોૌ છે. ત્યાકરે નાગરિકોએ પોતે સ્વેયંશિસ્ત. રાખવી ખૂબ જ જરૂરી છે. આ ઉપરાંત નાના-મોટાં મેળાવડા ટાળવા જોઈએ, ખોટી રીતે અવર-જવર ન કરવા અને દુકાનની બહાર માસ્ક નહીં – વેપાર નહીંનું બોર્ડ લગાવવા અપીલ કરી છે. જિલ્લીના ખાનપુર તાલુકાની મોટી ગ્રામ પંચાયતો જેવી કે લિમડિયા, ખાનપુર, બાકોર, પાંડરવાડા, વડાગામ, કારંટાના સરપંચશ્રીઓ, તલાટીશ્રીઓ, વેપારી મંડળના આગેવાનો, આરકેએસ સમિતિના પ્રમુખોની ઉપસ્થિાતિમાં ખાનપુર મામલતદાર કચેરી ખાતે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા હેલ્થથ ઓફિસર અને પીએસઆઈ સાથે ઝૂમ એપના માધ્યમથી બેઠક મળી હતી. આ બેઠકમાં જિલ્લી કલેકટર શ્રી આર. બી. બારડે દુકાનદારોએ દુકાને ખરીદી કરવા આવતાં ગ્રાહકો માટે દુકાનની બહાર ‘‘માસ્ક નહીં – વેપાર નહીં’’ નું બોર્ડ લગાવવાની સાથે માસ્કમ પહેર્યા વગર આવતા ગ્રાહકોને માલનું વેચાણ નહીં કરવા સુચવ્યુંર હતું. શ્રી બારડે તબીબોને પણ પોતાની કલીનીક પર સારવાર અર્થે આવતા નાગરિકો માસ્કન વગર આવે તો તેની સારવાર નહીં કરવાની સાથે તમામ દવાઓના સ્ટોઆક રજિસ્ટનર તેમજ જે કોઇ સારવાર કરવામાં આવે તેની સંપૂર્ણ માહિતી રાખવા તથા નજીકના પ્રાથમિક આરોગ્યર કેન્દ્રમના મેડીકલ ઓફિસરને જાણ કરવા જણાવ્યું હતું. જિલ્લાવ વિકાસ અધિકારી શ્રી નેહા કુમારીએ ઝૂમ એપ દ્વારા જોડાયેલ તમામને સરકારની ગાઈડલાઈનનું ફરજિયાત પાલન થાય તે જોવા જણાવ્યુંએ હતું.

શ્રી નેહા કુમારીએ ગ્રામ્યજ કક્ષાએ તલાટીઓને કન્ટેડનમેન્ટસ એરિયાની અવાર-નવાર મુલાકાત લેવા અને સેનેટાઇઝ થાય તે જોવા જયારે સરપંચશ્રીઓ અને સભ્યલશ્રીઓને ગામમાં જાગૃતિ આવે તે માટે તેમજ કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે સપ્તાહમાં બે વાર માઈક દ્વારા સરકારશ્રીની સુચનાઓનું પાલન કરવા અને કરાવવા માટેના પ્રયાસો કરવા પોતાની મહત્વનની ભૂમિકા અદા કરવા જણાવ્યું હતું. શ્રી નેહા કુમારીએ પીએસઆઇને ગ્રામ પંચાયતોમાં દિવસમાં એકવાર મોબાઈલ વાન મુલાકાત કરવા તેમજ ગ્રામ્ય કક્ષાએ તમામ સમિતિઓને એકટીવ કરવાની સાથે વિવેકાનંદ સભ્યો? દ્વારા પ્રચાર-પ્રસાર થાય તેમજ ઈ-સંજીવનીનો ગ્રામજનો વધુને વધુ લાભ મેળવે તે માટે માર્ગદર્શન આપવા જણાવ્યુંર હતું. જયારે મેડીકલ ઓફિસરને આરોગ્યવ કર્મીઓ દ્વારા ઘનિષ્ઠ્ સર્વે કરવા અને તાત્કાલિક ૨૪ કલાકમાં પોઝીટીવ દર્દીઓના કોન્ટેકટમાં આવ્યા્ હોય તેઓની યાદી મેળવવાની કામગીરી પૂર્ણ થાય તે જોવા સુચવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકામાં ફોર વ્હીલર વાહન નવી સીરીજ જીજે-૩૭-જે તથા ટુ વ્હી લર સીરીજ જીજે-૩૭ એચમાં બાકી રહેતા નંબર માટે ઈ-ઓક્સન પ્રક્રિયા હાથ ધરાશે

કમલમ દૈનિક, દ્વારકા

દેવભૂમિ દ્વારકામાં ફોર વ્હીનલર વાહન માટેની જીજે-૩૭-જે અને ટુ વ્હી લર જીજે-૩૭-એચ માં બાકી રહેલા સિલ્વાર તથા ગોલ્ડદન નંબર માટેનું ઈ-ઓકસન હાથ ધરવામાં આવનાર છે. ટુ વ્હીૂલર વાહન સીરીજ જીજે-૩૭-એચ માટે ઓનલાનઈ અરજીનો સમયગાળો ૨૦-૧૧-૨૦૨૦ સુધી, ઈ-ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો ૨૧/૧૧/૨૦ થી ૨૨-૧૧-૨૦ અને ઈ-ઓકસનનું પરિણામ ૨૩-૧૧-૨૦ બપોરે ૧૨-૦૦ વાગ્યો પછી રાખવામાં આવશે. તેમજ ફોરવ્હીછલર સીરીજ જીજે-૩૭-જે માટે ઓનલાનઈ અરજીનો સમયગાળો ૨૪-૧૧-૨૦૨૦ થી ૨૭-૧૧-૨૦૨૦ સુધી, ઈ-ઓકશનનો બિડિંગ કરવાનો સમયગાળો ૨૮/૧૧/૨૦ થી ૨૯-૧૧-૨૦ અને ઈ-ઓકસનનું પરિણામ ૩૦-૧૧-૨૦૨૦ બપોરે ૧૨-૦૦ વાગ્યા પછી રાખવામાં આવશે.

વાહન માલિકોએ સૌ પ્રથમ www.parivahan.gov.in વેબસાઈટ પર રજીસ્ટ્રે શન કરાવ્યો બાદ યુજર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રહેશે ત્યાક્ષર બાદ આ વેબસાઈટ પર લોગીન કરી ને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. વાહન માલિક ગોલ્ડાન અને સિલ્વનર અને અન્યે પસંદગીના નંબર પરથી કોઈ એક નંબર પસંદ કરીને ઓનલાઈન પેમેન્ટે પ્રક્રિયા કરીને ઓનલાઈન રસીદ મેળવી લેવાની રહેશે. વાહન માલિક પોતાની બિડ ઉપરોકત દર્શાવેલ સમયગાળા દરમ્યાસન ૧૦૦૦ ના ગુણાંકમાં વધારી શકશે. ઈ-ઓકશનના અંતે નિષ્ફાળ થયેલ અરજદારોએ રિફંડ માટે સહાયક પ્રાદેશિક વાહન વ્યેવહાર અધિકારીની કચેરી ખંભાળીયાનો સંપર્ક કરવાનો રહેશે. પસંદગીના લાગેલ નંબરવાળા અરજદારોએ બાકી રકમનું ચુકવણું ઓનલાઈન દિવસ-૫(પાંચ) માં કરવાનું રહેશે. જેમાં નિષ્ફકળ ગયેલ પસંદગીના નંબરની ફીનું રિફંડ મળશે નહી. તેમ એ.આર.ટી.ઓ. દેવભૂમિ દ્વારકાની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ એસટી ડિવીઝનના ૯ ડેપોને દિવાળી ફળી

## ૭ દિવસમાં ૨૩૩ બસમાં ૨૦,૪૫૩ લોકોએ મુસાફરી કરતા ૩૨.૧૭ લાખથી વધુની આવક

### એક કિલો મીટર પર ૨૨.૬૩ રૂપિયાની આવક થઇ

કમલમ દૈનિક, જૂનાગઢ

જૂનાગઢ એસટી ડિવીઝન હેઠળ આવતા ૯ ડેપો દ્વારા દિવાળીના તહેવારને લઈને એકસ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. જેમાં જૂનાગઢ એસટી વિભાગને દિવાળી ફળી હોય તેમ ૭ દિવસમાં રૂા.૩૨.૧૭ લાખથી વધુની આવક થઈ છે. જૂનાગઢ એસટી ડિવીઝનના વિભાગીય નિયામક જી.ઓ.શાહે જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારને લઈને દર વર્ષે એકસ્ટ્રા બસો દોડાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ તા.૧૧ થી ૧૭ નવેમ્બર સુધી જૂનાગઢ-સોમનાથ-દ્વારકા-જામનગર-રાજકોટ-અમદાવાદ-ગોધરા-દાહોદ-રાધનપુર-ઉના-સાવરકુંડલા અને અમરેલી રૂટ પર એકસ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી. જૂનાગઢ એસટી ડિવીઝન હેઠળ આવતા ૯ ડેપોની ૨૩૩ બસો દ્વારા ૪૯૪ ટ્રીપ કરી હતી. જેમાં ૨૦,૪૫૩ લોકોએ મુસાફરી કરતા ૯ ડેપોને રૂા.૩૨,૧૭,૨૬૦ની આવક થઈ છે અને એક કિલો મીટર દીઠ રૂા.૨૨.૬૩ની આવક થઈ છે. દર વર્ષે દિવાળીના તહેવારમાં એકસ્ટ્રા બસો દોડાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ એકસ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. પરંતુ કોરોનાની મહામારીને લઈને ગત વર્ષ કરતા એકસ્ટ્રા બસોની સંખ્યામાં ઘટાડો કરાયો હતો અને કોરોનાને લઈને સરકારશ્રીની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું.

# જિલ્લામાં કેરોસીનના જથ્થાબંધ અને છૂટક નવા ભાવો મુકરર કરાયા

## દસે દસ તાલુકાના મુખ્ય મથકોના મુકરર ભાવોનું જાહેરનામું બહાર પડાયું

કમલમ દૈનિક, ભુજ,

કચ્છમાં ઘરગથ્થું વપરાશના કેરોસીનના એક કિલો લિટરના કંપનીના વધેલ ભાવ નજરે જથ્થાબંધ વેંચાણ ભાવ તથા એક લિટરના છૂટક વેચાણ ભાવ તા.૧લી નવેમ્બર-૨૦૨૦થી અમલમાં



આવતાં તાલુકાના મુખ્ય મથકોને ધ્યાનમાં રાખી મુકરર કરાયા છે. જિલ્લા કલેકટરશ્રી પ્રવીણા ડી.કે. દ્વારા બહાર પાડેલ જાહેરનામા અનુસાર ઘરગથ્થું વપરાશ માટેના કેરોસીનના જથ્થાબંધ અને છૂટક ભાવ નકકી કરાયા છે. ગાંધીધામ તાલુકા માટે એક લીટરે રૂ.૨૪.૯૬, અંજાર તાલુકો રૂ.૨૫.૦૩, ભચાઉ તાલુકો રૂ.૨૫.૧૧, ભુજ તાલુકો રૂ.૨૫.૨૮, મુન્દ્રા તાલુકો રૂ.૨૫.૨૮, રાપર તાલુકો રૂ.૨૫.૩૭, નખત્રાણા તાલુકો રૂ.૨૫.૪૯, માંડવી તાલુકો રૂ.૨૫.૫૦, અબડાસા મુ.નલીયા તાલુકો રૂ.૨૫.૬૫, લખપત મુ.દયાપર તાલુકો રૂ.૨૫.૭૭ આ ભાવો જિલ્લાના તાલુકાના મુખ્ય મથકના હોઇ, કેરોસીનના ઓઇલ કંપનીના જથ્થાબંધ વિક્રેતાઓ કેરોસીનના છૂટક વિક્રેતાના સ્થળ સુધી કેરોસીનની ડિલીવરી આપવા જાય ત્યારે ૧૦ કિલો મીટરના દરેક સ્ટેજે વધુમાં વધુ ૫૦ કિલો મીટર સુધી એક લિટરે દસ પૈસા જે વધુમાં વધુ ૫૦ કિ.મી.ની મર્યાદામાં સ્ટેજ ચાર્જ લઈ શકશે અને લીધેલ ચાર્જ ઉપર ૫ ટકા જી.એસ.ટી. લગાડીને જથ્થોબંધ વિક્રેતાએ બિલ અંકારવાનું રહેશે. કેરોસીનના છૂટક વિક્રેતા સ્ટેજ ખર્ચની રકમ બિલ મુજબ ગણતરી કરતા નજીકના પાંચ પૈસાના ગુણાંકમાં છૂટક વિક્રેતા કેરોસીનના વેચાણ બિલ બનાવી કેરોસીનનું વેચાણ કરી શકશે, એમ જાહેરનામામાં વધુમાં જણાવાયું છે.

# વાસ્મો દ્વારા માણદિયા ગામ માટે ૧૦.૨૮ લાખના વિકાસના કામો મંજૂર કરાયા

કમલમ દૈનિક, જૂનાગઢ,

જૂનાગઢ વાસ્મો દ્વારા વિસાવદર તાલુકાના માણદિયા ગામ માટેના અંદાજીત રૂપિયા ૧૦.૨૮ લાખના પીવાના પાણી માટેના કામો મંજૂર કરવામાં આવ્યા છે. માણદિયા ગામની ૩૮૦ જેટલી વસ્તી છે. વાસ્મો દ્વારા માણદિયા ગામના વિકાસના વિકાસકામો માટે અંદાજે રૂપિયા ૧૦.૨૮ લાખ મંજૂર કરાયા છે.જેમાં પાઈપલાઈન, પંપીંગ મશીનરી માટે, પાવર કનેકશન,નળ કનેકશન,વોલ પેઈન્ટીંગ,પંપ હાઉસ સહિતના કામો હાથ ધરવામાં આવશે.

# કેશોદ તાલુકામાં માં કોરોનાનો પોઝિટિવ કેસ આવતા વધુ ૩ માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તાર જાહેર કરાયા

કમલમ દૈનિક, જૂનાગઢ

કેશોદ તાલુકામાં કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયો છે. જેના પગલે કલેકટરશ્રી દ્વારા કેટલાક વિસ્તાર માઈક્રો કન્ટેનમેન્ટ જાહેર કરવામાં આવ્યો છે. જયારે અહિંનો કેટલોક વિસ્તાર બફર ઝોન જાહેર કરવામાં આવેલ છે. કોરોનાના કેસ પોઝિટિવ નોંધાતા જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.આ જાહેરનામા મુજબ કેશોદ વોર્ડ નં.૫ જૂનાગઢ રોડ પર ગર્લ્સ સ્કુલની સામે આવેલ લલીતભાઈ અમૃતલાલ હુંબરની દુકાનથી ગૌરવભાઈ ચૌહાણની દુકાન સુધીનો વિસ્તાર, વોર્ડ નં. ૨ જૂનાગઢ રોડ પર રતન પાર્કમાં આવેલ મેરામભાઈ કરણાભાઈ ડાંગરનાં મકાન પાસેથી રાજેશભાઈ ચાવડાનાં મકાન સુધીનો વિસ્તાર.કેશોદના કેવદ્રા વોર્ડ નં.૯ વ્રજલાલ લાડાણીનાં મકાનથી જમનભાઈ વશરામભાઈ મણવરનાં મકાન સુધીનો વિસ્તાર માઈક્રો કન્ટેનમેન્ટ જાહેર કરવામાં આવ્યો છે.જયારે કેશોદ વોર્ડ નં.૫ જૂનાગઢ રોડ પર ગર્લ્સ સ્કુલની સામે આવેલ નરેશભાઈ કરશનભાઈ સીધ્ધપરાના મકાનથી ગીરીશભાઈ કાનજીભાઈ હુંમરના મકાન સુધીનો વિસ્તાર, વોર્ડ નં.૨ જૂનાગઢ રોડ પર રતન પાર્કમાં આવેલ પુનાભાઈ છૈયાનાં મકાન પાસેથી મેણંદભાઈ પાંચાભાઈ ખટારીયાનાં મકાન સુધીનો વિસ્તાર કેશોદના કેવદ્રા વોર્ડ નં.૯ ગોપાલ નથુ મણવરનાં ઘરથી નટવર જેરામના ઘર સુધી તથા વાલજી દુદા લાડાણીનું મકાન તથા વલ્લભભાઈનાં ઘર સુધી તથા જગદીશ મણવરનાં ગોડાઉન થી દિલીપ વાલજી લાડાણીનાં ઘર સુધી કન્ટમેન્ટ વિસ્તારની આસપાસનાં મકાનો બફરઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ જાહેરનામું તા.૩૦ નવેમ્બર સુધી અમલમાં રહેશે. માઈક્રો કન્ટેનમેન્ટ એરીયાની અને બફર ઝોન એરીયાની ગાઈડલાઈન મુજબ સેનીટાઈઝેશન, ડીસઈન્ફેકશન તથા કોવીડ-૧૯ સંબંધીત ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.આ જાહેરનામાંનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ડેમાઈના ચકચારી સોની યુવાન હત્યા કેસના આરોપીને આજીવન કેદની સજા ફટકારતી નામદાર અદાલત.

કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ગામે ચાર વર્ષ અગાઉ સોની સમાજના એક યુવાનની ગળે ટૂંપો આપી હત્યા કરવામાં આવી હતી. બાયડ તાલુકાના ડેમાઈ ગામે ધ્રુવ જયેશભાઈ સોનીની લાશ આજથી ચાર વર્ષ અગાઉ બાયડ કપડવંજ હાઈવે રોડ પર ગરનાળા નિચેથી કંતાનના કોથળામાં સિવી નાખી દિધેલી મળી આવી હતી. આ ગુનાની ફરિયાદ પ્રકાશભાઈ ઉમરશીભાઈ સોનીએ બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં બાયડ પોલીસ સ્ટેશનના તત્કાલીન પોલીસ સબ ઈન્સ્પેકટરે હત્યાના ગુનાની ઉંડાણપુર્વક તપાસ હાથ ધરી હત્યારા રાજેશકુમાર રમણભાઈ પટેલને ઝડપી લઈ વિશેષ પુછપરછ હાથ ધરતા હત્યારાએ મરનારને ૧૮’ઓક્ટોબર, ૨૦૧૬ ના રોજ પોતાના ઘરે બોલાવી ગળે ટુંપો આપી મોતને ઘાટ ઉતારી, લુંટ કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશ કંતાનના કોથળામાં સિવી લઈ બાયડ કપડવંજ હાઈવે રોડ પર ગરનાળા નિચે નાખી દીધાની હકીકત કબુલી હતી. બાયડ પોલીસે ગુ. ર. નં. 78/2016 IPC 302,394, 201,અને 120(બી) મુજબ આરોપી




વિરુદ્ધ ગુનો નોંધી પુરતા પુરાવાઓ એકત્રિત કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતાં જે કેસ નામદાર કોર્ટમાં ચાલી જતાં આરોપી વિરૂદ્ધ હત્યાનો ગુનો સાબિત થતાં આરોપી પટેલ રાજેશકુમાર રમણભાઈને હત્યારો ઠરાવી નામદાર કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકા ખાતે નવ નિર્મિત અધતન તાલુકા સેવા સદનના બિલ્ડીગનું ઈ-લોકાર્પણ

# ‘‘સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર થકી રાજય સરકારની વિવિધ જનહિતકારી યોજનાના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા રાજય સરકાર તત્પર : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ







## પ્રજાને લગતી સેવાઓ અને વહીવટી કામગીરીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી રાજય સરકારે મોટાભાગની સેવાઓ ઓનલાઈન કરી ઝડપી અને સરળ બનાવી : મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ

કમલમ દૈનિક,

ગુજરાતના જે તાલુકાની નામના સમગ્ર વિશ્વમાં દિન પ્રતિદિન વધી રહી છે તેવા વિશ્વ વિખ્યાત થઈ રહેલા નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના સેવા સદનનું ઈ લોકાર્પણ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ‘સૌનો સાથ સૌનો વિકાસક્ષના મંત્ર થકી રાજયભરની વિવિધ જનહિતકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા રાજ્ય સરકાર હરહંમેશ માટે તત્પર છે. રાજયના કોઈપણ છેવાડાના નાગરિકો સરકારની યોજનાના લાભથી વંચિત ન રહી જાય તે લક્ષ્ય સાથે અમારી સરકાર કાર્યરત છે અને એટલે જ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની જનતા અમારી પડખે ઉભી છે. શ્રી નીતિન પટેલે ઉમેર્યુ કે, પ્રજાકીય સરકારી કામગીરી પ્રજાને ખુબ ઝડપથી અને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે તાલુકા સેવા સદનનું નિર્માણ કરવામાં આવ્યુ છે. અંદાજે સાડા દશ કરોડના ખર્ચે નવ નિર્મિત આ સેવા સદન ગરૂડેશ્વર તાલુકાના નાગરિકોને અર્પણ કરતા શ્રી પટેલે ઉમેર્યુ કે, ગુજરાતની વિકાસયાત્રા પાછળ ગરૂડેશ્વર તાલુકાનો ખુબ મોટો ફાળો છે. રાજ્યમાં પાણીની ઉપલબ્ધી વધી તેના કારણે જ ગુજરાતની વિકાસયાત્રા વધી છે જેના મુળમાં નર્મદામૈયા છે અને તેથી જ ગરૂડેશ્વર તાલુકાનો ફાળો ગુજરાતની વિકાસયાત્રામાં સવિશેષ છે. શ્રી પટેલે વધુમાં ઉમેર્યુ કે પ્રજાની આકાંક્ષા અને અપેક્ષાને સંતોષવા તથા તેને પૂર્ણ કરવા અમારી સરકાર સફળ પ્રયત્નો કરી રહી છે. કોઈપણ વિદ્યાર્થીને આવકના-જાતિના કે અન્ય દાખલાઓ માટે અગવડ ન પડે અને કોઈપણ ખેડૂત કે નાગરિકને અસુવિધાનો સામનો ન કરવો પડે અને સેવાનો ઝડપથી લાભ મળે તે માટે આ તાલુકા સેવા સદન મહત્વનું સાબિત થશે. તાલુકા કક્ષાએ નાગરિકોને સરકારી સેવાઓ માટે વધુ દૂર ન જવુ પડે તે ધ્યાને લઈ રાજ્ય સરકારે નવીન તાલુકાઓની રચના કર્યા બાદ નવા બનેલા તાલુકા મથકોએ સરકારી કચેરી માટે સુવિધાસભર મકાન ઉપલબ્ધ કરાવ્યા છે. આજે લાભપાંચમના દિવસે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકા ખાતે નવ નિર્મિત અધતન તાલુકા સેવા સદનના બિલ્ડીગનું ઈ-લોકાર્પણ ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતું. ટેકનોલોજીથી સુસજ્જ લીફ્ટ, જીસ્વાન રૂમ, કોન્ફરન્સ રૂમ અને વિશાળ પાર્કિગ સહીતની સુવિધાઓથી સજ્જ આ બે માળના બિલ્ડીગનું ઈ-લોકાર્પણ આજે કરવામાં આવ્યું હતું. મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ‘‘મીનીમમ ગવર્મેન્ટ મેક્ઝીમમ ગવર્નન્સક્ષ્ક્ષ નો કાર્યમંત્ર આપ્યો હતો. રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ચાલતી સરકાર આ મંત્રને અપનાવીને રીફોર્મ્સ ઉપર ખાસ ભાર મૂકી રહી છે. સુધારવા જેવી લાગતી પોલીસીઓ બદલીને ‘પોલીસી રીફોર્મ્સ, કાર્યપદ્ધતિમાં બદલાવ લાવીને ‘પ્રોસીઝર રીફોર્મ્સક્ષ ‘પેપર વર્ક રીફોર્મ્સક્ષ અને ‘હ્યુમનરીસોર્સક્ષ રીફોર્મ્સક્ષ થકી ગુડ ગવર્નન્સ રાજયમાં પ્રસ્થાપિત કર્યુ છે. પ્રજાને લગતી સેવાઓ અને વહીવટી કામગીરીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ગુજરાત સરકારે મોટાભાગની મહેસૂલી સેવાઓ ઓનલાઈન કરી દઈ આ તમામ સેવાઓ ઝડપી અને સરળ બનાવી દીધી છે. એટલુ જ નહી રાજ્ય સરકારના સકારાત્મક અભિગમ થકી રાજયના વિકાસ અને જનતાની સુખાકારી માટે મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલા ૧૦૦ થી પણ વધુ જનહીતલક્ષી અને ક્રાંતિકારી મહેસૂલી નિર્ણયો દ્વારા વિકાસયાત્રા અવિરત ચાલુ છે. આ પ્રસંગે ગાંધીનગર ખાતે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, માર્ગ અને મકાન વિભાગનાસચિવશ્રીએસ.બી.વસાવા તથા ગરૂડેશ્વર ખાતે સાંસદ સર્વે શ્રી ગીતાબેન રાઠવા, મનસુખભાઈ વસાવા સહિત પદાધિકારીઓ તથા જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## છેલ્લા પાચ દિવસમાં શહેરી વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવતાં કલેક્ટર શ્રી વિજય ખરાડીએ નાગરિકોને તહેવારના ઉત્સાહમાં ભીડભાડ, મેળાવડા અને ખોટી અવરજવરથી દૂર રહેવા કરી અપીલ




કમલમ દૈનિક, દાહોદ,

કલેકટર શ્રી વિજય ખરાડીએ એક સંદેશામાં જણાવ્યું છે કે, તહેવારોમાં શહેરી વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે અને નાગરિકોએ આ બાબતે સ્વયંશિસ્ત રાખવી ખૂબ જ જરૂરી છે. માટે નાનામોટા મેળાવડા ટાળવા જોઈએ, ખોટી અવરજવર ન કરવી જોઈએ અને તંત્ર અને સરકારની ગાઈડલાઈનનું કડકાઈથી પાલન કરવું જોઈએ. કલેક્ટર શ્રી ખરાડીએ જણાવ્યું કે, નવા વર્ષની શુભેચ્છા. છેલ્લા ચાર પાચ દિવસોમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે. ખાસ કરીને આ કેસો શહેરી વિસ્તારમાંથી વધારે આવે છે. જયા ભીડભાડ વધારે હોય જયાં લોકો વધારે ભેગા થતા હોય એવા વિસ્તારમાંથી કેસો વધારે આવી રહ્યાં છે.

દાહોદ જિલ્લાના અને ખાસ કરીને શહેરી વિસ્તારના નાગરિકોને વિનંતી છે કે, આપણે અત્યારે બહાર જવાનું ટાળવું જોઈએ. અત્યારે તહેવારનો મૌસમ છે પણ ઘણાં ખરા કેસો અવરજવર કરતાં હોય એવા લોકોમાંથી વધારે આવે છે. એટલે નાનામોટા મેળાવડાં લગ્ન કે બર્થે ડે પાર્ટી કે બીજા કોઈ પણ કારણસર અન્ય કોઈ પણ પ્રકારના સામાંજિક કે ધાર્મિક મેળાવડા અત્યારે બંધ જ રાખવા જોઈએ. અને માસ્ક પહેરી, સામાજિક અંતર જાળવવાનું તંત્ર દ્વારા હંમેશા કહેતા આવીયા છીએ. ઘણા બધા બેજવાબદાર લોકો તંત્ર અને સરકારની ગાઈડલાઈનનું પાલન નથી કરતા. માર્કેટમાં ઘણાં બધા લોકો એવા જોવા મળે છે માસ્ક પણ પહેરતાં નથી. આ બધાને મારી વિનંતી છે કે તંત્ર અને સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત રીતે પાલન કરીએ. જેથી કોરોનાના નવા કેસોને અટકાવી શકીએ.

આવનારા સમયમાં જયાં પણ કોરોનાના નવા કેસો આવશે આપણે કન્ટેઈનમેન્ટ વિસ્તાર પણ જાહેર કરીશું. જેથી સૌ લોકોનો સહકાર મળે અને કન્ટેઈનમેન્ટ વિસ્તારના નિયમોનું સારી રીતે પાલન થઈ શકે. અત્યારે ખૂબ જરૂરી છે કે કામ સિવાય બહાર નીકળવાનું ટાળીએ જેથી સંક્રમણ ટાળી શકીએ. કોરોના ડરવાનું નથી પરંતુ દરેક સેફ્ટી પ્રોટોકોલનું જેટલું કડકાઈથી પાલન કરીશું એટલું જ કોરોનાથી બચી શકીશું. જેટલા પણ નવા કેસો આવી રહ્યાં છે એ શહેરી વિસ્તારમાંથી આવે છે જે લોકો એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં જઈ રહ્યાં છે અને પાછા આવી રહ્યાં છે તથા કોઈ પણ જાતના સેફ્ટી પ્રોટોકોલ, કોરોનાથી બચાવના નિયમોનું પાલન કરતા નથી તેઓ કોરોનાના ભોગ બની રહ્યાં છે એ સપષ્ટ દેખાઈ રહ્યું છે. તેથી સ્વંયશિસ્ત સાથે કોરોના સામે સાવચેતીના તમામ નિયમોનું પાલન કરીશું તો કોરોનાથી અવશ્ય બચાવ થશે.

## નવ નિયુક્ત જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી સંદિપભાઈ દેસાઈએ લાભ પાંચમનાં પાવન દિવસે વિધિવત પદભાર સંભાળ્યો







કમલમ દૈનિક,

સંદિપભાઈને અનેકાનેક શુભકામનાઓ. ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનને વધુ મજબૂત કરવાની દિશામાં આપનો સાથ અને સહકાર સતત મળતો રહેશે. પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારજી, માન. મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, શ્રી ઈશ્વરભાઈ પરમાર, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ અને આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા.

## અકસ્માતની વણથંભી વણઝાર

# ત્રણ જુદા જુદા અકસ્માત માં ત્રણ યુવક સહીત મહિલાનું મોત,સરડોઈના યુવકને વીજકરંટ ભરખી ગયો





કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં નવું વર્ષ ગોઝારું બની રહ્યું હોય તેમ ૧૦ થી વધુ નાના-મોટા અકસ્માતની ઘટનામાં ચાર લોકોને મોતને ભેટ્યા હતા જયારે ૧૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા લાંભ પાંચમના દિવસે વીજકરંટથી સરડોઈ ગામના આશાસ્પદ યુવકનું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી જીલ્લામાં વાહનચાલકો બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા શહેરના પ્રજાપતી સમાજના આશાસ્પદ યુવક મહેશ પ્રજાપતિ કામકાજ અર્થે મોપેડ લઈ મેઘરજ તરફ જઈ રહ્યા હતા ત્યારે અગમ્ય કારણોસર બેડજ પાટિયા નજીક મોપેડ સ્લીપ ખાઈ જતા મહેશ ભાઈ પ્રજાપતિ રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતાં પરિવારજનોમાં તહેવારોની ખુશી માતમમાં ફેરવાઈ હતી આશાસ્પદ યુવકનું અકસ્માતમાં મોત નિપજતા મોડાસા શહેરના પ્રજાપતિ સમાજમાં ભારે શોકગની છવાઈ હતી અન્ય એક અકસ્માતની ઘટના મોડાસા અણીયોર રોડ પર સર્જાઈ હતી જેમાં રીક્ષા અને એક્ટિવા સામસામે અથડાતા તલાવડીના ભીખાભાઈ પરમાર અને ગાબટના ભાવેશ ભાઈ નામના બ્રાહ્મણ યુવકનું મોત નિપજતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અકસ્માતની ઘટનાના પગલે બંને મૃતકોના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવી રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી શામળાજી-હિંમતનગર હાઈવે પર ભાઈબીજ ના દિવસે સુનોખ પાટિયા નજીક વાહનની રાહ જોઈ ઉભેલા પતિ-પત્ની નંદવાયું હતું શામળાજી તરફથી પુરઝડપે આવી રહેલ કારના ચાલકે રોડ નજીક ઉભેલ લક્ષ્મીબેનને અડફેટે લઈ રફુચક્કર થઈ જતા કારની ટક્કરથી ઈજાગ્રસ્ત બનેલ મહિલાનું મોત નિપજતા પતિએ ભારે કલ્પાંત કરી મૂક્યું હતું ત્રણે અકસમાતની ઘટનામાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા તાલુકાના સરડોઈ ગામના જયદીપ નરેશભાઈ નામના આશાસ્પદ યુવકનું મરડીયા નજીક આવેલ પાણીપુરવઠા વિભાગના સંપ પર બ્રેકેટ મશીનથી કામકાજ દરમિયાન કરંટ લાગતા યુવક પટકાઈ જતા તાબડતોડ તેને સારવાર અર્થે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા તબીબે મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું જયદીપ ભાઈનું વીજકરંટથી મોત થતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી.

## શ્રી કમલમ, ગાંધીનગર ખાતે આજે પ્રશિક્ષણ વર્ગના આયોજન અંગેની બેઠકો યોજાશે.

**સવારે ૧૦.૩૦ કલાકે પ્રશિક્ષણ વર્ગના વિષય પ્રમુખોની બેઠક યોજાશે.**


**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા અને પ્રદેશ ઉપાધ્યક્ષ તથા પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્, કોબા, ગાંધીનગર ખાતે આજે પ્રશિક્ષણ વર્ગના આયોજન અંગેની બેઠકો યોજાશે.**

**બપોરે ૦૧.૦૦ કલાકે ભાજપાના જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રીઓની બેઠક યોજાશે.**

કમલમ દૈનિક,

ભાજપા મીડીયા વિભાગની યાદી જણાવે છે કે, ભાજપા દ્વારા આગામી દિવસોમાં સમગ્ર ગુજરાતમાં મંડલ સઃ પ્રશિક્ષણ વર્ગનું આયોજન થવા જઈ રહ્યું છે. આવતીકાલે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલજીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા અને પ્રદેશ ઉપાધ્યક્ષ તથા પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ શ્રી ભાર્ગવભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્?, કોબા, ગાંધીનગર ખાતે પ્રશિક્ષણ વર્ગના આયોજન અંગેની બેઠકો યોજાશે. ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્?, કોબા ખાતે સવારે ૧૦.૩૦ કલાકે પ્રશિક્ષણ વર્ગના વિષય પ્રમુખોની બેઠક યોજાશે. ત્યારબાદ બપોરે ૦૧.૦૦ કલાકે ભાજપા જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ તથા જીલ્લા/મહાનગરના પ્રશિક્ષણ વર્ગના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જશ્રીઓની બૃહદ બેઠક યોજાશે. જેમાં પ્રશિક્ષણ વર્ગના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવશે.










# ગુજરાત વિધાનસભાની આઠ બેઠકો ની પેટાચૂંટણીમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોની શપથવિધિ સંપન્ન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ

## વિધાનસભાના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ શપથ લેવડાવ્યા રાજ્ય મંત્રી મંડળના સભ્યોની ખાસ ઉપસ્થિતિ

### ગુજરાત વિધાનસભાની આઠ બેઠકો ની તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં વિજયી થયેલા ભાજપના આઠ નવ નિર્વાચિત ધારાસભ્યોની શપથ વિધિ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યોને અભિનંદન આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. નોંધનીય છે કે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત વિધાનસભા માં ૧૧૧ બેઠકોના અંક ઉપર પહોંચી છે.

આ શપથવિધિ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ,સંસદીય બાબતોના મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમા, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, દંડક શ્રી, મંત્રીમંડળના સભ્યશ્રીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત વિધાન સભા ખાતે યોજાયેલી આ શપથ વિધિમાં વિધાનસભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ આ નવા ચૂંટાયેલા આઠ ધારાસભ્યોને વિજયમૂર્હુતમાં હોદ્દાના શપથ લેવડાવ્યા હતા

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલી આઠ વિધાનસભાની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ આઠ બેઠકો જીતીને વિજયપતાકા લહેરાવી છે જેમાં અબડાસા બેઠક પરથી શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, મોરબીમાંથી શ્રી બ્રિજેશ મેરજા, ધારીમાંથી શ્રી જે. વી. કાકડીયા, કરજણમાંથી શ્રી અક્ષય પટેલ, ગઢડામાંથી શ્રી આત્મારામપરમાર, કપરાડામાંથી શ્રી જીતુભાઈ ચૌધરી, ડાંગમાંથી શ્રી વિજયભાઈ પટેલ તેમજ લિંબડી માંથી શ્રી કિરિટસિંહ રાણાનો વિજય થયો છે.



કમલમ દૈનિક,

વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત દ્વારા ભારતીય જનતા પાર્ટી કર્ણાવતી ગ્રામ્ય જિલ્લા ના પ્રમુખ બનવા બદલ શ્રી હર્ષદભાઈ ગોસ્વામી ને પ્રભુ શ્રીરામ નો મોમેન્ટો આપી અભિવાદન કરી શુભેચ્છા પાઠવી. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી શ્રી રાજેશભાઈ પટેલ તથા ગાંધીનગર વિભાગ મંત્રી શ્રી મુકેશભાઈ ગોર તથા બારેજા શહેર પ્રમુખ હિતેન ભાઈ સોઢા બજરંગદળ સંયોજક જયેશભાઈ ભાટી ને કાર્યકર્તા મિહિરભાઈ પટેલ મહેશભાઈ ઠાકોર હાજર રહી કાર્યક્રમ સુશોભીત કર્યો .ભગવાન શ્રી રામ હર્ષદભાઈ ને હંમેશા પ્રગતિ આપે એવી શુભ કામના.

# જિલ્લા કલેક્ટરશ્રીએ વડોદરા વિમાની મથકે લોકસભાના મહા સચિવશ્રીનું સ્વાગત કર્યું




કમલમ દૈનિક,
વડોદરા

જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે વડોદરા વિમાની મથકે ભારતની લોકસભાના મહા સચિવ - સેક્રેટરી જનરલ શ્રીમતી સ્નેહલતા શ્રીવાસ્તવને ઉષ્માભર્યો આવકાર આપવાની સાથે તેમનું હાર્દિક સ્વાગત કર્યું હતું.તેમની સાથે લોકસભાના સચિવશ્રી ઉત્પલ કુમાર સિંઘને પણ આવકાર આપવામાં આવ્યો હતો.

બાદમાં, બંને મહાનુભાવો કેવડીયા જવા રવાના થયાં હતાં. યાદ રહે કે વર્તમાન નવેમ્બર મહિનામાં તા.૨૫ અને ૨૬ ના રોજ કેવડીયા ખાતે દેશના રાજ્યોની વિધાનસભાઓના અધ્યક્ષશ્રીઓની ૮૦ મી વાર્ષિક પરિષદ યોજવામાં આવી રહી છે.તેના અનુસંધાને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવા ઉપરોક્ત બંને મહાનુભાવો કેવડિયાની મુલાકાતે આવ્યાં છે.

# ઠંડીમાં ગરીબ માણસને ૨ ક્ષણ મળે તે માટે ગરમ ધાબળાનું વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો



શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ દ્વારા લાભ પાંચમના શુભ દિવસથી ઠંડીમાં ગરીબ માણસને ૨ ક્ષણ મળે તે માટે ગરમ ધાબળાનું વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો અને સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા દ્વારા દાનની અપિલ કરવામાં આવી.

કમલમ દૈનિક,

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજ ધ્વારા આજે લાભ પાંચમના શુભ દિવસે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ગરીબમાં ગરીબ માણસને ઠંડીમાં મુશ્કેલી ન પડે તે માટે ધાબળા વિતરણ કરવાનો કાર્યક્રમ સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા તથા સંસ્થાના પદાધિકારીઓના શુભ હસ્તે કરવામાં આવ્યો હતો . આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતુ કે કચ્છ જિલ્લામાં જયારે જયારે કુદરતી આફત આવે છે ત્યારે સંસ્થા વરસો જુની મહાજન પરંપરાને નિભાવી જનજન સુધી સેવાઓ પહોંચાડવાનું કાર્ય કરે છે . છેલ્લા દોઢ મહિનાથી કોઈપણ નાતજાતના ભેદભાવ વગર જે પરિવાર કોરોનામાં સપડાયો છે તે પરિવારોને વિના મુલ્ય ટીફીન પહોંચાડવામાં આવે છે . આ ટીફીન સેવાનો અત્યારસુધી ૧૦૦૦ થી વધુ કોરોનાગ્રસ્ત પરિવારોએ લાભ લીધો છે . આ સેવા માટે દાનની ખુબ જ જરૂર હોતા લાભ પાંચમના શુભ દિવસે આ શુભ કાર્ય કરતા શ્રી તારાચંદભાઈ છેડાએ દાતાશ્રીઓને ઉદાર હાથે દાન આપવા અપિલ કરી હતી .

સંસ્થાના મંત્રી શ્રી નરેશભાઈ શાહે જણાવ્યુ હતુ કે આ ગરમ ધાબળા જેમ જેમ ઠંડીનું પ્રમાણ વધશે તેમ તેમ સંસ્થાના કાર્યકર્તાઓ રૂબરૂ સેવા વિસ્તારોમાં જઈને પહોંચતા કરશે . ગત વરસે સંસ્થા દ્વારા પછાત વર્ગના છાત્રાલયોમાં ૧૦૦૦ થી વધુ ગરમ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતુ . સ્વાગત પ્રવચન સંસ્થાના સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે કરયુ હતુ . સંસ્થાના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરી ઉપસ્થિત રહયા હતા.

# ભગવાન બિરસા મુંડાજી ની જન્મજયંતીની આહવા ખાતે ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી





કમલમ દૈનિક, ડાંગ, રિપોર્ટ-અમરનાથ જગતાપ

રાષ્ટ્રીય આદિવાસી મંચ ડાંગ દ્વારા આજે જનનાયક ભગવાન બિરસા મુંડાજીની ૧૪૫મી જન્મજયંતીની ઉજવણી જનજાતિ ગૌરવ દિવસ તરિકે સરદાર સ્મારક ખાતે કરવામાં આવી હતી. જેમાં ભગવાન બિરસા મુંડા દ્વારા સંસ્કૃતિ અને આઝાદીની ચળવળ માટે તેમના યોગદાનને યાદ કરી પુષ્પાંજલિ કરવામાં આવી હતી. આજના યુવાનો ભગવાન બિરસા મુંડાજીના જીવનમાંથી પ્રેરણા લઈને આગળ વધે તેવું આહ્વાન કરવામાં આવ્યું હતું.જેમાં ધારાસભ્ય વિજય પટેલ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથ પવાર ડાંગ માજીધારાસભ્ય મંગલ ગાવિત આહવા તાલુકા પંચાયત ના પ્રમુખ નરેશ ગવલી આહવા ગ્રામ પંચાયત ના સરપંચ હરિરામ સાવંત આહવા ગામ માંથી પ્રશાંત બોરશે, સ્મિત પટેલ,રોહિત પટેલ,ભુપેન્દ્ર કુંવર, ઘનશ્યામ બધાને, શરદ પવાર સુરેશ નાયર, પ્રવીણ આહીરે, નકુલ જાદવ, નવયુવાન ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028